ફો.કેસ નં. :– ૩૯૫/૨૦૧૮
આંક:– ૯૭નુ સાંધણ

**(FILE- C)**

(શરૂ–૦૩:૧૪, પુર્ણ–૦૩:૩૭)

**ફરીથી સોગંદ આપ્યા...**

**બચાવપક્ષના સાહેદ અશોકભાઈ ગાંડાભાઈ બાપોદરીયાની આંક–૯૭ની સરતપાસ લગત ઉલટ તપાસ ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી સી.પી.ચૌહાણ**

(૪) એ વાત ખરી છે કે આંક–૧૪૫વાળો ભાડાકરાર મારા અને નવીનચંદ્રભાઈ વચ્ચે થયેલો. એ વાત ખરી છે કે આંક–૧૪૫વાળા ભાડાકરારમા બંને પક્ષકારોની સંમતીથી ભાડાની મુદતમા વધારો ઘટાડો કરી શકાશે, તેવી હકીકત દર્શાવેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૪૫વાળો ભાડાકરારની મુદત પુર્ણ થયા બાદ પણ મે નવીનચંદ્રભાઈને, મારી તથા નવનીચંદ્રભાઈની મૌખીક સંમતીથી દુકાનમા બેસવા દીધેલા. એ વાત ખરી છે કે આંક–૧૪૫વાળા ભાડાકરારને રદ કરવા માટે મે કે નવીનચંદ્રભાઈએ એકબીજાને કોઈ નોટીસ પાઠવેલ નથી. એ વાત ખરી છે કે ગજલક્ષ્મી ટ્રેડર્સના પ્રોપરાઈટર આ કામના આરોપી નવીનચંદ્રભાઈ છે. એ વાત ખરી છે કે અંશ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર હું છુ. એ વાત ખરી છે કે ગજલક્ષ્મી ટ્રેડર્સ અને અંશ એન્ટરપ્રાઈઝ બંને અલગ અલગ ધંધો કરતા હતા. એ વાત ખરી છે કે હું તથા નવીનચંદ્રભાઈ અમારા ધંધાના હીસાબો અલગ અલગ રાખતા હતા. એ વાત ખરી છે કે ગજલક્ષ્મી ટ્રેડર્સના પ્રોપરાઈટર તરીકે નવીનંદ્રભાઈ માર્કેટીગ યાર્ડ હળવદમા જે ધંધો કરતા હતા તેનુ પેમેન્ટ નવીનચંદ્રભાઈ ચુકવણી કરતા હતા. એ વાત ખરી છે કે અંશ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર તરીકે હું માર્કેટીગ યાર્ડ હળવદમા જે ધંધો કરતો હતો તેનુ પેમેન્ટ હું ચુકવણી કરતો હતો. એ વાત ખરી છે કે નવીનચંદ્રભાઈએ જે ચેકો વેપારીઓને આપેલા તે, તે વેપારીઓના લેણાં પેટે ચેકો આપેલા.

સવાલ:– તમે તમારી સરતપાસમા જે સાંઈઠ ચેકોનો ઉલ્લેખ કરેલ છે તે એચડીએફસી બેન્કના હતા?

જવાબઃ– આ ચેકો અંશ એન્ટરપ્રાઈઝના એચડીએફસી બેન્કના હતા.

એ વાત ખરી છે કે નવીનચંદ્રભાઈ ગજલક્ષ્મી ટ્રેડર્સના નામથી જે કંઈ પણ વેપાર કરે તેની કોઈ પણ વેપારીને રકમ ચુકવવાની થાય તેની જવાબદારી નવીનચંદ્રભાઈની છે. એ વાત ખરી છે કે નવીનચંદ્રભાઈએ ગજલક્ષ્મી ટ્રેડર્સના નામથી જે વેપાર કરેલો તેની મને માહીતી નથી. એ વાત ખરી છે કે નવીનચંદ્રભાઈએ હાલના ફરીયાદીને કઈ બેન્કનો ચેક આપેલો તેની મને માહીતી નથી.

**ફેર તપાસ નથી.**
**સ્થળઃ– હળવદ.**
**તારીખઃ– ૨૪/૦૨/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ